# સુરત મહાનગરપાલિકા

કાર્યપાલક ઈજનેર
સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન,
આદર્શભવનની બાજુમાં,અઠવાલાઈન્સ,
સુરત મહાનગરપાલિકા, સુરત.

ફોન નંબર : ૨૬૬૩૦૪૯–૫૦
૨૬૬૭૯૨૬
મ્યુનિસિપલ ઝોન ઓફિસ, સુરત.

નં.સા.વે.ઝોન(અઠવા)/આ.૧૭૪૭,
તારીખ: ૩૦.૦૫.૨૦૨૫

## –: સંમતિ પત્ર:–

પ્રતિ,
.......................................
.......................................
.......................................
.......................................
.......................................

**વિષય :–** સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન હસ્તકના ભટાર હોટમીક્ષ પ્લાન્ટ ઉપર શેડ બનાવવાનું તથા મરામત કરવાનું કામ.

**સંદર્ભ :–**(૧) સ્થા.સ.ઠ.નં.૨૦૦૪/૨૦૨૩, તા.૨૯/૧૨/૨૦૨૩થી મંજુર થયેલ ભાવે અને શરતે
(૨) મે. કમિશ્નરશ્રીની તા.૦૬.૦૫.૨૦૨૫ ના રોજની મંજુરી.
(૩) મા.ડે.મ્યુ.કમિશ્નરશ્રીની તા.૩૦.૦૫.૨૦૨૫ ની મંજુરી.

**મહાશય,**

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન હસ્તકના ભટાર પ્લાન્ટ ઉપર શેડ બનાવવાનું તથા મરામત કરવાનું કામ ઉકત સંદર્ભ–૧ મુજબ સ્થા.સ.ઠ.નં.૨૦૦૪/૨૦૨૩, તા.૨૯/૧૨/૨૦૨૩ થી મંજુર થયેલ ભાવે અને શરતે તથા સંદર્ભ–૨ મુજબ મે. કમિશ્નરશ્રીની તા.૦૬.૦૫.૨૦૨૫ ના રોજની મંજુરી અન્વયે રૂા.૫,૦૦,૦૦૦.૦૦ પૈ. ની મર્યાદામાં કામગીરી કરાવવા સંદર્ભ–૩ હેઠળથી મંજુરી મળેલ. આ કામ કરવા સંમત હોય તો આપશ્રીની લેખીત સંમતિ બંધ કવરમાં તા.૧૦.૦૬.૨૦૨૫ સુધીમાં નીચે સહી કરનારની કચેરીમાં પહોંચાડવા પ્રબંધ કરશો. ઉપરોકત જણાવેલ તારીખ પછી કોઈ બંધ કવરો સ્વીકારવામાં આવશે નહી.

## –: શરતો :–

૧. અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફ્ટ / પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂા.૫,૦૦૦ /– ની આપવાની રહેશે.

૨. ઈજારદારે **GST** રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૩. ઈજારદારે પાન કાર્ડ રજુ કરવાનું રહેશે.

૪. ઈજારદારે શીડયુલ–બી માં જણાવેલ ભાવ અને ટેકનીકલ બીડની શરતોને બંધનકર્તા રહેશે.

૫. કોઈપણ તથા બધાજ સંમતિપત્રક રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈ પણ કારણો આપવામાં આવશે નહી.

૬. તમામ પ્રકારના વેરા / સરકારી ટેક્ષ ઈજારદારે ભોગવવાનાં રહેશે.

૭. તમામ સરકારી/ અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.

૮. સદર કામગીરી બાબતે અત્રેના રસ્તા વિભાગના ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.

૯. સદર કામગીરી ઉકત મંજુર થયેલ ટેન્ડરના Detailed Technical Specification મુજબ કરવાની રહેશે.

બીડાણ : (૧) શીડયુલ–બી ની નકલ.

**SD/-**
**કાર્યપાલક ઈજનેર**
**સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** તમામ ખાતા/ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રી પ્રતિ જાણ તથા નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરવા સારૂ.